રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાજલ થતા આચાર્યને આચાર્ય તરીકે સમાવવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : બમશ/૨૦૧૮/૨૩૩૯/ગ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ : ૨૭/૨/૨૦૧૯

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગના તારીખ ૨૩/૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ

(૨) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૧૩/૧૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક : ધ/માધ્ય/અનદ-૧/૨૦૧૮/૨૮૦૭૪.

**પ્રસ્તાવના : -**

આ વિભાગના સંદર્ભ (૧) હેઠળના તારીખ ૨૩/૬/૨૦૧૬ના ઠરાવથી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને ફાજલનું રક્ષણ આપવામાં આવેલ છે.

આ રીતે ફાજલ થનાર કર્મચારીઓ પૈકી આચાર્યને શિક્ષક કે બિનશૈક્ષણિક કર્મચારી તરીકે સમાવવામાં આવતા હોવાથી આચાર્યના પદની ગરિમા જળવાતી ન હોવાની બાબત ધ્યાને આવી હતી. આ પરિસ્થિતિ ધ્યાને લઇ રાજ્યમાં ગ્રાન્ટેડ શાળાઓ બંધ થતા ફાજલ પડતા આચાર્યને આચાર્યની જ જગ્યા પર સમાવવા અંગે ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ દ્વારા રજૂઆત કરવામાં આવેલ હતી. આ રજૂઆત અંગે કમિશનરશ્રી, શાળાઓની કચેરી દ્વારા પણ તારીખ ૧૩/૧૨/૨૦૧૮ના સંદર્ભ (૨) હેઠળના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર : -**

પુખ્ત વિચારણાના અંતે હવેથી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળા બંધ થવાને કારણે જે ફાજલનું રક્ષણ પ્રાપ્ત આચાર્ય ફાજલ થાય છે ત્યારે તેઓના હોદ્દાની ગરિમા જળવાય તે માટે ફાજલ આચાર્યને અન્ય શાળામાં સમાવવા સંદર્ભે હવે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૧) શાળા બંધ થવાને કારણે જે શાળામાંથી ફાજલનું રક્ષણ પ્રાપ્ત આચાર્ય ફાજલ થયેલ હોય તે શાળાની નજીકની શાળામાં, જો આચાર્યની જગ્યા ખાલી હોય તો તેઓને તે શાળામાં આચાર્ય તરીકે જ સમાવવાના રહેશે.

Scanned with CamScanner

(૨) જો નજીકની શાળામાં આચાર્યની જગ્યા ખાલી ન હોય તો અનુક્રમે પ્રથમ તાલુકાની અને જિલ્લાની અન્ય જે શાળામાં આચાર્યની જગ્યા ખાલી હોય તે શાળામાં આચાર્ય તરીકે સમાવવાના રહેશે.

(૩) જો સમગ્ર જિલ્લામાં આચાર્યની જગ્યા ખાલી ન હોય, તો આચાર્ય જે જિલ્લામાંથી ફાજલ થયેલ હોય તે જિલ્લાની નજીકના જિલ્લામાં આચાર્ય તરીકે સમાવવાના રહેશે.

(૪) ફાજલ થયેલ આચાર્ય અન્ય જિલ્લામાં જવા રાજી ન હોય તેવા કિસ્સામાં તેઓને જે જિલ્લામાંથી ફાજલ થયેલ છે તે જિલ્લાની અન્ય શાળામાં તેમની શૈક્ષણિક લાયકાત મુજબના વિષયના શિક્ષક તરીકે માત્ર શૈક્ષણિક જગ્યા ઉપર જ સમાવવાના રહેશે. પરંતુ, જો સંબંધિત જિલ્લામાં સંબંધિત વિષયના શિક્ષકની જગ્યા ખાલી ન હોય તો આવી જગ્યા ખાલી હોય તે સ્થળે સમાવવાના રહેશે.

(૫) આ રીતે ફાજલ થયેલ આચાર્ય આ રીતે અન્ય શાળામાં સમાવેશ થવાની બાબતનો અસ્વીકાર કરી શકશે નહીં.

(૬) આવા આચાર્યનો સમાવેશ કરવાનો કોઇ શાળા અસ્વીકાર કરી શકશે નહીં. અસ્વીકાર કરનાર શાળામંડળ સામે સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા નિયમોનુસાર કાર્યવાહી કરી નિયામકશ્રી, શાળાઓની કચેરીને જાણ કરવાની રહેશે.

(૭) આ વિભાગના તારીખ ૨૩/૬/૨૦૧૬ના સંદર્ભ (૧)ની અન્ય જોગવાઇઓ તથા શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

( જયેશ મિસાણ )
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ :-

- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (શાળાઓ), કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. ૯, ૧લો માળ, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ આ અંગે જરૂરી કાર્યવાહી સારૂ.
- સર્વે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીઓ, ( કમિશનરશ્રી, શાળાઓ મારફતે)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ બાબત વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- શાખા પસંદગી ફાઇલ - ૨૦૧૬.
- ના.સે.અ. પસંદગી ફાઇલ.

Scanned with CamScanner